# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-04-2026 Day : Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ભારત - દક્ષીણ કોરિયા વચ્ચે સમજુતી કરાર પર હસ્તાક્ષર :

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે ગઈકાલે રમતગમત, સાંસ્કૃતિક અને સર્જનાત્મક ઉદ્યોગો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ક્ષેત્રમાં સહકાર અને ઔદ્યોગિક સહકાર સમિતિની સ્થાપના માટે ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા. બંને પક્ષે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર અને ભારત-કોરિયા ડિજિટલ સેતુના માળખાને અદ્યતન બનાવવા અંગે સંવાદ ફરીથી શરૂ કરવા સંયુક્ત ઘોષણાપત્રનું પણ આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ લિ—જે—મ્યુંગ વચ્ચે નવી દિલ્હીમાં સંવાદ દરમિયાન આ કરાર થયા.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું, ભારત અને કોરિયા વચ્ચે હાલ 27 અબજ ડૉલરનો દ્વિપક્ષીય વેપાર છે અને બંને પક્ષનું લક્ષ્ય આગામી ચાર વર્ષમાં તેને બમણો કરવાનો છે. નવી દિલ્હીમાં ગઈકાલે ભારત-કોરિયા વેપાર મંચના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી ગોયલે આ પ્રવાસને સંબંધોનો નવો અધ્યાય શરૂ કરવાની દિશામાં મહત્વનો ગણાવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## દેશમાં LPG પુરવઠો સ્થિર :

સરકારે જણાવ્યું, પશ્ચિમ એશિયા સંઘર્ષના કારણે થયેલા વિક્ષેપ વચ્ચે પણ સમગ્ર દેશમાં ઘરેલુ LPG પૂરવઠો સ્થિર છે અને વિતરકો પાસે પણ કોઈ પણ પ્રકારની અછતના કોઈ અહેવાલ નથી.

નવી દિલ્હીમાં યોજાયેલી એક આંતર-મંત્રીસ્તરીય પરિષદને સંબોધતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સચિવ સુજાતા શર્માએ કહ્યું, સરકાર યોગ્ય વ્યવસ્થાપન માટે ઘરેલુ LPG ઉત્પાદન વધારવા, શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રમાં બુકિંગ સમયગાળો વધારવા અને ગેરકાયદે વેચાણને રોકવા ડિલિવરી પ્રમાણીકરણ કોડ લાગુ કરવા જેવા અનેક મહત્વના પગલા લઈ રહી છે

----------------------------------------------------------------------------------------------------

## રેલ્વે સમર સ્પેશીયલ ટ્રેન - ગાંધીધામ–પુરી એક્સપ્રેસ ટ્રેન આંશિક રદ :

ભારતીય રેલવે પ્રવાસીઓની માંગને પહોંચી વળવા અને પ્રવાસીઓનો સરળ પ્રવાસ સુનિશ્ચિત કરવા ત્રણ મહિનામાં દેશભરમાં 18 હજાર 262 ઉનાળું વિશેષ ફેરાનું સંચાલન કરશે. રેલવે મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે 15 એપ્રિલથી 15 જુલાઈ સુધીમાં કુલ 908 ઉનાળું વિશેષ ટ્રેનને મંજૂરી અપાઈ છે.

દરમ્યાન, પુરી સ્ટેશન પર બ્લોકના કારણે ગાંધીધામ–પુરી એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવી છે. આ 60 દિવસના બ્લોકમાં ગાંધીધામ–પુરી એક્સપ્રેસ સાક્ષીગોપાલના બદલે માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

----------------------------------------------------------------------------------------------------

## મનકી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

---

## મોટી વિરાણી - EVM નિદર્શન :

જીલ્લામાં વર્તમાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઈ.વી.એમ. મશીનમાં મતદાન કરવા માટેની નવી પદ્ધતિ સંદર્ભે ચૂંટણી કમિશ્નર દ્વારા ગામેગામ ઈ.વી.એમ. નિદર્શન કેમ્પ યોજી મતદારોને માર્ગદર્શન પુરું પાડવાના ભાગરૂપે મોટી વિરાણીમાં કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ઈ.વી.એમ. મશીનમાં ટોટલ ઉમેદવારોના મશીનના બટન ઉપર નિશાન તેમજ એક જ વોર્ડમાં વધુ ઉમેદવાર હોય તેવા બધા ઉમેદવારોના નિશાન દર્શાવાયા હતા.

મતદાતાને જે ઉમેદવારને મત આપવાનો હોય તેના નિશાનનું ક્રમશ: બટન દબાવવા પછી મત આપવાનું ફાઈનલ રજિસ્ટ્રેશન બટન દબાવવાથી પસંદગીના ઉમેદવારને મત પહોંચી જશે. એ અંગે વિગતવાર સમજ અપાઈ હતી તથા ભુલથી એકના બદલે બીજા ઉમેદવારનું બટન દબાઈ ગયું હશે તો દબાવેલા બટનને ફરીથી દબાવવાથી તે મત કેન્સલ થશે અને જે ઉમેદવારને મત આપું હોય તેનું ફરીથી બટન દાબી મતદાન કરી શકાશે. તેવું જણાવાયું હતું.

---

## કચ્છ યુનિવર્સીટી- પરીક્ષાઓ સંપન્ન :

કચ્છ યુનિવર્સિટી દ્વારા આયોજિત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની તમામ મુખ્ય પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. નવી શિક્ષણ નીતિ મુજબના તમામ પેપરો પૂર્ણ થતા વિદ્યાર્થીઓમાં વેકેશનનો હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓ બે તબક્કામાં યોજાઈ હતી. પ્રથમ તબક્કામાં 25 માર્ચથી 4 એપ્રિલ દરમ્યાન 16,500 વિદ્યાર્થીઓ અને બીજા તબક્કામાં 10 એપ્રિલથી 19 એપ્રિલ દરમ્યાન અંદાજે 20,000 વિદ્યાર્થીઓએ 35 સેન્ટરો પર પરીક્ષા આપી હતી.

---

**ક્રિકેટ :**

આઈ પી એલ ની 30મી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમે ગુજરાત ટાઇટન્સ ટીમને 99 રને હરાવી બીજી સફળતા મેળવી છે જ્યારે સતત ત્રણ મેચમાં વિજય મેળવનાર ગુજરાતની ટીમને પરાજય ખમવો પડ્યો છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં મુંબઈની ટીમના 5 વિકેટના ભોગે 199 રનના વળતા જવાબમાં ગુજરાતની ટીમનો દાવ 100 રનમાં પૂરો થયો હતો

---